## ઈરાનમાં ફ્યુઅલ ટેન્કરમાં વિસ્ફોટ : 11નાં મોત

તહેરાન, તા. 6 (એપી): પશ્ચિમ ઈરાનમાં એક ફ્યુઅલ ટેન્કરમાં વિસ્ફોટ થતાં 11 લોકોનાં મોત થયાં છે અને અન્ય સાત લોકો ઈજાગ્રસ્ત થયા છે. એમ સરકારી મીડિયાએ જણાવ્યું હતું. આઈઆરએનએએ શનિવારે મોડી રાત્રે અહેવાલ આપ્યો હતો કે, રાજધાની તહેરાનથી પશ્ચિમે લગભગ 400 કિલોમીટર (248 માઇલ) દૂર આવેલા કુરદિશ શહેર સનંદજ નજીક એક ટ્રાફિક પોલીસ સ્ટેશન પાસે ટેન્કર અન્ય કારો સાથે અથડાયા બાદ તેમાં ભયાનક આગ લાગી ગઈ હતી. અહેવાલમાં બ્રેક સિસ્ટમમાં ખામી હોવાનું કારણ દર્શાવવામાં આવ્યું હતું. ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

## લંડન જતી ફ્લાઇટમાં ટેક્નિકલ ખામી સર્જાતાં બેંગલુરુમાં ઈમરજન્સી લેન્ડિંગ

બેંગલુરુ, તા. 6 (PTI) લંડન જઈ રહેલી વર્જિન એટલાન્ટિકની ફ્લાઇટ, જેમાં 270 મુસાફરો સવાર હતા, તેને ટેકઓફ કર્યાના થોડા સમય પછી જ ટેક્નિકલ ખામી સર્જાતાં રવિવારે અહીંના કેમ્પેગૌડા ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ફરજિયાત ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. એમ કેઆઈએબીનું સંચાલન કરતી બેંગલુરુ ઇન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (બીઆઈએએલ)ના સ્ત્રોતોએ જણાવ્યું હતું.

## કેપ વર્ડેના ફોગો દ્વીપ પર બસ દુર્ઘટનામાં 25ના મોત

પ્રાયા (કેપ વર્ડે), તા. 6 (એપી): આફ્રિકન દ્વીપ દેશ કેપ વર્ડેમાં થયેલા એક માર્ગ અકસ્માતમાં ઓછામાં ઓછા 25 લોકોનાં મોત થયાં છે. એમ સ્થાનિક મીડિયા અને અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. આ અકસ્માત કેપ વર્ડેના ફોગો દ્વીપના પહાડી વિસ્તારમાં આવેલા કમ્પાનાસ ડે સીમા રૂટ પર શનિવારે સર્જાયો હતો, જેમાં એક પેસેન્જર બસ સામેલ હતી. આ દુર્ઘટનામાં કેટલાક લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે.

## કાયદાથી બચવા અમેરિકાથી ભાગેલો ઠગ પંજાબમાં ઝડપાયો

જાલંધર, તા. 6 (પીટીઆઈ) અમેરિકા સરકાર સાથે ઓછામાં ઓછા 6 લાખ યુએસ ડોલર (આશરે રૂ. 5.67 કરોડ)ની કથિત છેતરપિંડી કરનાર અને જેના પર 1.5 લાખ યુએસ ડોલર (આશરે રૂ. 1.42 કરોડ)નું ઇનામ હતું તેવા અમેરિકાનું નાગરિકત્વ ધરાવતા એક વ્યક્તિની જાલંધર ખાતે નોંધાયેલા કેસમાં પંજાબ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. એમ અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. મનજીત સિંહ બેદી કાયદાથી બચવા માટે આ વર્ષે એપ્રિલ મહિનામાં અમેરિકા છોડીને કેનેડા થઈને ભારત પહોંચ્યો હતો.

## યુપીમાં મકાન ધરાશાયી થવાની અલગઅલગ ઘટનામાં છનાં મોત

કાનપુર/બુદાઉં (યુપી), તારીખ ૬ (પીટીઆઈ) ઉત્તર પ્રદેશના કાનપુર જિલ્લાના એક ગામમાં રવિવારે ભારે વરસાદ વચ્ચે ઘર ધસી પડતાં એક પુરુષ અને તેની ત્રણ સગીર પુત્રીઓનાં મોત થયાં હતાં, જ્યારે તેની અન્ય એક પુત્રી ગંભીર રીતે ઘાયલ થઈ હતી. એમ પોલીસે જણાવ્યું હતું. બુદાઉં જિલ્લામાં રાત્રે ભારે વરસાદના કારણે ઘરની દીવાલ ધસી પડતાં એક ખેડૂત કાટમાળ નીચે દબાઈ જતાં તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે તેની પત્નીને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

## એમપીના સાગર જિલ્લામાં લઠ્ઠાકાંડ : 10નાં મોત, ડઝનબંધ બિમાર

સાગર (મ.પ્ર.), ૬ સપ્ટેમ્બર(પી.ટી.આઈ.): મધ્ય પ્રદેશના સાગર જિલ્લામાં રવિવારે ઝેરી દારૂ પીવાથી દસ લોકોના મોત થયા છે અને કેટલાક અન્ય લોકો બીમાર પડ્યા છે. પ્રાથમિક તપાસમાં સંકેત મળ્યો છે કે આ દારૂ પડોશી રાજ્ય ઉત્તર પ્રદેશના લલિતપુરથી સપ્લાય કરવામાં આવ્યો હતો, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. જો કે, સ્થાનિક ભાજપના ધારાસભ્યએ દાવો કર્યો હતો કે બંડા તહેસીલના કેટલાક ગામોમાં ઝેરી દારૂ પીવાના કારણે મૃત્યુઆંક ૧૧ થયો છે.

# નેપાળ પૂર : મૃતદેહોની ઓળખનું કાર્ય પડકારજનક

**મોટા** ભાગના મૃતદેહો પાણી, કીચડમાં ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થઇ ગયા છે, હજી સુધી માત્ર 98 મૃતદેહોની ઓળખ થઇ શકી

**લાપતા** લોકોના સંબંધીઓના ડીએનએ સેમ્પલો ભેગા કરવાનું શરૂ, મૃત્યુઆંક 1344 થયો, 5000 જેટલા હજી લાપતા

કાઠમંડુ, તા. ૬(પીટીઆઈ): નેપાળમાં વિનાશક પૂર આવ્યાના ૧૧ દિવસ બાદ પણ બચાવકર્મીઓ ગુમ થયેલા લોકોની શોધખોળ ચાલુ રાખી રહ્યા છે, જ્યારે સત્તાવાળાઓ માટે મૃતકોની ઓળખ કરવી સતત મુશ્કેલ બની રહી છે.

નેપાળ પોલીસના જણાવ્યા અનુસાર, મૃત્યુઆંક ૧,૩૪૪ થયો છે, જ્યારે લગભગ ૫,૦૦૦ લોકો હજુ પણ ગુમ છે. અત્યાર સુધીમાં ૧૩,૧૦૦ થી વધુ લોકોને ઉગારી લેવામાં આવ્યા છે. ચીની મીડિયાના અહેવાલો અનુસાર, ચીની સરહદ તરફ તિબેટમાં ઓછામાં ઓછા ૩૧ લોકો માર્યા ગયા છે જ્યારે ૫૦૦ થી વધુ લોકો ગુમ છે. NDRRMAના જણાવ્યા મુજબ, માત્ર ૯૮ મૃતદેહોની જ ઓળખ થઈ શકી છે અને તેમના પરિવારોને સોંપવામાં આવ્યા છે. મૃતકોની ઓળખ કરવી એ એક મોટો પડકાર બનીને ઉભર્યો છે, કારણ કે પાણીના વહણમાં દુર સુધી ઘસડાઈ ગયેલા ઘણા મૃતદેહો ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થઈ ગયા છે, કોહવાઈ ગયા છે અથવા માત્ર શરીરના ભાગો જ મળ્યા છે. પોલીસે જણાવ્યું છે કે આફતના સ્થળથી દુર તણાઈ ગયેલા અને પાણી તથા કાદવમાં લાંબો સમય રહેલા મૃતદેહોને કારણે ઓળખ ખાસ કરીને મુશ્કેલ બની છે. અજાણ્યા મૃતદેહો અને મળી આવેલા માનવ અવશેષોની ઓળખમાં મદદ કરવા માટે નેપાળ પોલીસે ગુમ થયેલા લોકોના સંબંધીઓના ડીએનએ સેમ્પલ એકત્રિત કરવાનું શરૂ કર્યું છે. નેપાળમાં રહેતા સંબંધીઓ કાઠમંડુની નેપાળ પોલીસ હોસ્પિટલ અથવા તેમની નજીકની જિલ્લા પોલીસ ઓફિસ દ્વારા સેમ્પલ આપી શકે છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ભવિષ્યમાં ઓળખ સરળ બને તે માટે ડીએનએ સેમ્પલ લીધા પછી ૧,૦૦૦થી વધુ અજાણ્યા મૃતદેહોને દફનાવવામાં આવ્યા છે. નેપાળના માહિતી અને સંચાર મંત્રી બિક્રમ તિમિલ્સિનાએ જણાવ્યું હતું કે સરકાર રસુવામાં પૂર પીડિતો માટે રાહત સામગ્રીની કોઈ અછત ન થાય અથવા તેના વિતરણમાં ગેરરીતિ ન થાય તે સુનિશ્ચિત કરશે.

# ઈન્ડોનેશિયામાં જ્વાળામુખી ફાટ્યો :300થી વધુ ફ્લાઇટ રદ

**જાવા** અને સુમાત્રા ટાપુ વચ્ચે આવેલો આ જ્વાળામુખી રવિવારે વહેલી સવારે ફાટ્યો, જાનહાનિના કોઇ અહેવાલ નહીં

**રાખના** વાદળને કારણે જાકાર્તાના બે એરપોર્ટ સહિત કુલ છ એરપોર્ટો બંધ, એક લાખથી વધુ મુસાફરોને અસર



જાકાર્તા, તા. ૬ - ઈન્ડોનેશિયામાં અનક ક્રાકાતાઉ જ્વાળામુખી રવિવારે વહેલી સવારે ફાટી નીકળ્યો હતો. પશ્ચિમી ઈન્ડોનેશિયાના કેટલાક ભાગોમાં જ્વાળામુખીની રાખ પથરાઈ જતાં જાકાર્તાના સુકર્ણો-હટ્ટા આંતરરાષ્ટ્રીય એરપોર્ટની તમામ ફ્લાઈટ્સ રદ કરવાની ફરજ પડી હતી અને અન્ય સ્થાનિક એરપોર્ટનો વ્યવહાર પણ ખોરવાયો હતો.

ઈન્ડોનેશિયાની જીઓલોજિકલ એજન્સીએ જણાવ્યા અનુસાર, મુખ્ય જાવા અને સુમાત્રા ટાપુઓ વચ્ચે સુંદા સામુદ્રધુનીમાં આવેલો આ જ્વાળામુખી ટાપુ શુક્રવારથી જ સક્રિયતાના સંકેતો આપી રહ્યો હતો. ત્યારબાદ રવિવારે વહેલી સવારે ૩:૫૩ વાગ્યે ૩૦ સેકન્ડ માટે અને લગભગ ત્રણ કલાક પછી ૧૬ સેકન્ડ માટે તેમાં વિસ્ફોટ થયો હતો. સીસીટીવી ફૂટેજમાં જ્વાળામુખીમાંથી લાવા નીકળતો જોવા મળ્યો હતો.

આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી અને કોઈને સ્થળાંતર કરવાનો આદેશ પણ આપવામાં આવ્યો નથી. સૌથી નજીકની માનવ વસાહત ૧૬ કિલોમીટર કરતાં વધુ દૂર આવેલી છે, છતાં સત્તાવાળાઓએ સ્થાનિક રહીશો અને પ્રવાસીઓને સક્રિય ક્રેટરથી ઓછામાં ઓછા ૩ કિલોમીટર દૂર રહેવાની ચેતવણી આપી છે. ઈન્ડોનેશિયાના સેન્ટર ફોર વોલ્કેનોલોજી એન્ડ જીઓલોજિકલ હેઝાર્ડ મિટિગેશન અનુસાર, જ્વાળામુખીની રાખ જાકાર્તા અને સુમાત્રાના દક્ષિણ છેડે આવેલા લામપુંગ પ્રાંતના કેટલાક વિસ્તારોમાં ફેલાઈ ગઈ હતી.

જ્વાળામુખીની રાખના કારણે એરનેવ ઈન્ડોનેશિયાએ જાકાર્તાના સુકર્ણો-હટ્ટા અને હલીમ પર્દાનાકુસુમા એરપોર્ટ તેમજ લામપુંગના રાદિન ઈન્ટેન II એરપોર્ટ સહિત અન્ય છ એરપોર્ટ આસપાસની હવાઈ સીમા બંધ કરી દીધી હતી. એરપોર્ટો પરથી આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ફ્લાઇટો રદ કરી દેવાથી એક લાખથી વધુ મુસારફોને અસર થઈ છે.

## પેજ3

### ડોમિનિકાની જોહેરી મોલા મિસ વર્લ્ડ બની : ભારતની નિકિતા ટોપ 20માં પણ ન પહોંચી



હનોઈ, તા. 6 : મિસ વર્લ્ડ 2026 વિયેટનામમાં પૂર્ણ થયું છે, જેમાં ડોમિનિકન રિપબ્લિકની જોહેરી મોલા વિજેતા બની છે. વર્તમાન મિસ વર્લ્ડ થાઇલેન્ડની ઓપાલ સુચતા ચુઆંગશ્રીએ તેની ઉત્તરાધિકારીને તાજ પહેરાવ્યો હતો. સ્પેનની એલિસાબેથ રેનેસ પ્રથમ રનર-અપ જાહેર થઈ હતી, જ્યારે મલેશિયાની તાનુસિયા શેટ્ટી બીજી રનર-અપ રહી હતી. ટોપ 6 ફાઇનલિસ્ટમાં એરિટ્રિયાની સ્નિટ હેબટેબ, વિયેટનામની લે ન્ગુયેન બાઓ એનગોક, ડોમિનિકન રિપબ્લિકની જોહેરી મોલા અને દક્ષિણ આફ્રિકાની રોમાંડા હોમ્બીરનો સમાવેશ થતો હતો. ભારતની નિકિતા પોરવાલે મિસ વર્લ્ડ 2026માં ટોપ 40માં સ્થાન મેળવ્યું હતું, પરંતુ તે ટોપ 20માં પહોંચવામાં નિષ્ફળ રહી હતી.

### સુધીર મિશ્રાની આગામી ફિલ્મમાં ગાંધીજીના રૂપમાં દેખાતો મનોજ બાજપેયી ઓળખાયો પણ નહીં



મુંબઈ,તા. 06 : દિગ્ગજ એક્ટર મનોજ બાજપેયીના જે ચહેરાને જોઈને ફેન્સ દર વખતે તેમની દમદાર અદાકારી ઓળખી લે છે, આજે એ જ ચહેરાને જોઈને લોકો થોડી ક્ષણો માટે ચોંકી ગયા હતા. મહાત્મા ગાંધીના કિરદારમાં મનોજ બાજપેયીનું એવું ટ્રાન્સફોર્મેશન સામે આવ્યું છે કે પહેલી નજરે તેમને ઓળખવા પણ મુશ્કેલ બની રહ્યા છે. ગાંધીજીના અવતારમાં એક્ટરને જોઈને ફેન્સ આશ્ચર્યચકિત થઈ ગયા છે. સોશિયલ મીડિયા પર જેવા જ ફિલ્મમાંથી તેમનો ફર્સ્ટ લુક સામે આવ્યો કે તરત જ આ અનોખા ટ્રાન્સફોર્મેશને ચારેય તરફ ખળભળાટ મચાવી દીધો છે. મનોજ બાજપેયીનો આ બદલાયેલો અંદાજ સુધીર મિશ્રાની અપકમિંગ હિસ્ટોરિકલ ડ્રામા ફિલ્મમાંથી સામે આવ્યો છે. ફિલ્મને લઈને પહેલાથી જ ફેન્સ વચ્ચે ઉત્સુકતા બનેલી હતી, પરંતુ હવે ગાંધીજીના કિરદારમાં એક્ટરની પહેલી ઝલકે તેને વધુ ચર્ચામાં લાવી દીધી છે.

### ‘ઘણી વાતો હવામાં કહેવામાં આવી’: પત્ની સુનીતા સાથેના વિવાદ વચ્ચે ગોવિંદાનું નિવેદન



**મુંબઈ, તા. 6 :** શનિવારે સાંજે ગોવિંદા મુંબઈમાં એક ‘દહી -હાંડી’ કાર્યક્રમમાં જોવા મળ્યો હતો. કાર્યક્રમ બાદ તેમણે પ્રેસ સાથે વાત કરી અને પોતાની ૩૯ વર્ષની પત્ની સુનીતા આહુજા સાથે ચાલી રહેલા જાહેર વિવાદ અંગે ઈશારા-ઈશારામાં કેટલીક વાતો કહી. સુનીતાએ એક્ટર પર તેમની આગામી ફિલ્મ ‘રૂપા’ની કો-એક્ટર કોમલ રાની સ્વર્ણકાર સાથે એક્સ્ટ્રા મેરિટલ અફેરનો આરોપ લગાવ્યો હતો. સુનીતાએ ૨૦૨૪માં છૂટાછેડાની અરજી પણ દાખલ કરી હતી, પરંતુ તાજેતરમાં જ અભિનેતાની પત્નીએ પોતાના પુત્ર યશવર્ધન સાથે બાંદ્રા ફેમિલી કોર્ટ જઈને તે અરજી પાછી ખેંચી લીધી હતી. પ્રેસ સાથે વાત કરતાં ગોવિંદાએ કહ્યું, “ઘણી વાતો છે જે હવામાં જ લખી દેવામાં આવી છે અને હું માતાજીને પ્રાર્થના કરું છું કે આ વાતો સ્પષ્ટ થાય.”

### જ્યારે શાહરૂખે અંડરવર્લ્ડને કહ્યું હતું : ‘પઠાણ છું, ગોળી મારવી હોય તો મારો હું ડરતો નથી’



**મુંબઈ, તા. 6 :** ફિલ્મમેકર સંજય ગુપ્તાએ દાવો કર્યો છે કે અંડરવર્લ્ડ સામે શાહરૂખ ખાને પીછેહઠ કરવાનો ઇનકાર કરીને કહ્યું હતું કે જો તેઓ ઇચ્છે તો તેને ગોળી મારી દે. શાહરૂખ જ્યારે સ્ટાર બન્યો ત્યારે બોલિવૂડ પર અંડરવર્લ્ડનું વર્ચસ્વ હતું. 'હુસૈન ઝૈદી ફાઇલ્સ' પોડકાસ્ટમાં વાત કરતાં સંજય ગુપ્તાએ જણાવ્યું હતું કે, “ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં ફક્ત એક જ એવો માણસ હતો, શાહરૂખ ખાન. જ્યારે તેને ધમકી અપાઇ ત્યારે તેણે કહ્યું કે હું ક્યારેય ફિલ્મ કે શો નહીં કરું. હું પઠાણ છું, જો ગોળી મારવી હોય તો મારી દો. હું તમારાથી ડરતો નથી, પરંતુ હું તમારી સાથે કામ નહીં કરું અને તમારા માટે કોઈ શો પણ નહીં કરું.

# પૂર્વ ચીનમાં ભારે વરસાદથી ભૂસ્ખલનને કારણે ચારના મોત, 5,300થી વધુનું સ્થળાંતર

**100થી** વધુ ઘરો ધરાશાયી, ભૂસ્ખલનને પગલે 10 ગુમ, બેને બચાવી લેવાયા



બીજિંગ, તા. ૬ (એપી): ઉષ્ણકટિબંધીય વાવાઝોડા સોડલના કારણે સતત ભારે વરસાદ બાદ પૂર્વ ચીનના જિયાંગશી પ્રાંતના સુઇચુઆન કાઉન્ટીમાં કાદવ અને ભૂસ્ખલનની શ્રેણીમાં રવિવારે ચારના મોતની પુષ્ટિ થઈ છે. ૧૦ લોકો ગુમ થયા છે, જ્યારે ડઝનેક ઘરોને નુકસાન પહોંચ્યું છે. એમ સરકારી મીડિયાએ રવિવારે જણાવ્યું હતું. પડોશી વિસ્તારોમાં, સંભવિત આફતો સામે રક્ષણ આપવા માટે 5,300 થી વધુ લોકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા છે.

એક અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, જેઆંગ્સી પ્રાંતના સુઇચુઆન કાઉન્ટીના એક ગામમાં શનિવારે વહેલી સવારે ભેખડ ધસી પડી હતી, જેને પગલે બચાવકર્તાઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા અને વધુ ભય નિવારવા માટે રહેવાસીઓને સુરક્ષિત સ્થળે સ્થળાંતરિત કર્યા હતા. બહાર કાઢવામાં આવેલા એક વ્યક્તિ મૃત હાલતમાં મળી આવી હતી, જ્યારે અન્ય બે લોકોને સારી સ્થિતિમાં બચાવી લેવાયા હતા. રાજ્યના પ્રસારણકર્તા સીસીટીવીએ અહેવાલ આપ્યો હતો કે, રવિવારે સવારે બચાવકર્તાઓને ગુમ થયેલા લોકોમાંથી એક વ્યક્તિ તૂટી પડેલા ઘરો વચ્ચે મૃત હાલતમાં મળી આવી હતી.

ચાઈનીઝ અધિકૃત ન્યૂઝ એજન્સી સિન્હુઆના અહેવાલ મુજબ, વાવાઝોડું સોડલ ૨૮ ઓગસ્ટે ઝેજિયાંગ પ્રાંતમાં બે વાર ત્રાટક્યું હતું અને ગુરુવારે ફુજિયાન પ્રાંતમાં ઉષ્ણકટિબંધીય વાવાઝોડા તરીકે ત્રીજી વાર ત્રાટક્યું હતું. આ બંને પ્રાંત જેઆંગ્સીના પડોશી પ્રાંત છે. ફુજિયાનમાં સ્થાનિક અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું કે, દિવસો સુધી પડેલા ભારે વરસાદ બાદ અનેક રહેવાસીઓ ગુમ થયા છે.

ચોક્કસ સંખ્યા અસ્પષ્ટ છે, પરંતુ પુતિઆન શહેરના હુઆટિંગ ટાઉનમાં ૧૦૦થી વધુ ઘરો ધરાશાયી થયા છે. સાઉડેલ વાવાઝોડાને કારણે દિવસો સુધી ભારે વરસાદ પડ્યા બાદ, પ્રાંતમાં 161,500 રહેવાસીઓ પ્રભાવિત થયા છે.

# VHPના ગરબા માટે નિયમો : આધાર ફરજિયાત, તિલક કરેલું હોવું જોઈએ

**નવરાત્રિ** મહોત્સવોમાં મુસ્લિમોને ગરબા કાર્યક્રમોથી દૂર રાખવા માટે વિશ્વ હિન્દુ પરિષદની હાંકલ

**આ** દેવી પૂજાનો તહેવાર, મૂર્તિપૂજાનો વિરોધ કરનારાઓએ તેમાં ભાગ શા માટે લેવો જોઇએ : VHP

મુંબઇ, તા. 06 : વિશ્વ હિન્દુ પરિષદ (વિહિપ) એ મહારાષ્ટ્રમાં આવતા મહિને યોજાનાર નવરાત્રી ઉત્સવ દરમિયાન મુસ્લિમોને ગરબા અને દાંડિયા કાર્યક્રમોથી દૂર રાખવા હાકલ કરી છે અને આયોજકોને સહભાગીઓની ઓળખ ચકાસવા વિનંતી કરતી માર્ગદર્શિકા જારી કરી છે. આ વર્ષે નવરાત્રી ઉત્સવ ૧૧ ઓક્ટોબરથી શરૂ થઈ રહ્યો છે. વિહિપ દ્વારા સૂચવવામાં આવેલા પગલાંઓમાં ઉપસ્થિતોના આધાર કાર્ડની તપાસ કરવી અને તેમના કપાળ પર તિલક લગાવવાનો સમાવેશ થાય છે. VHP પ્રવક્તા અને સંયુક્ત સચિવ શ્રીરાજ નાયરે જણાવ્યું હતું કે સંગઠને મુસ્લિમ સમુદાયના સભ્યોને ગરબા અને દાંડિયા કાર્યક્રમોમાં ભાગ લેવાથી રોકવાનો નિર્ણય લીધો છે, કારણ કે આ તહેવાર હિન્દુ દેવીની પૂજા પર કેન્દ્રિત છે.

નાયરે કહ્યું કે અમે નવરાત્રી ઉત્સવ દરમિયાન મુસ્લિમોને ગરબા-દાંડિયા નૃત્યમાં ભાગ લેવાની મંજૂરી ન આપવાનો નિર્ણય લીધો છે. તેમણે વધુમાં કહ્યું હતું કે નવરાત્રી ફક્ત ગીતો અને નૃત્ય વિશે નથી. આ તહેવાર દેવીની પૂજા વિશે છે. મૂર્તિપૂજાનો વિરોધ કરનારા મુસ્લિમોએ આ તહેવારમાં શા માટે ભાગ લેવો જોઈએ?

આ માર્ગદર્શિકાની વિરોધ પક્ષો અને નેતાઓ તરફથી ટીકા થઈ છે, જેમણે તેમની બંધારણીય માન્યતા અને આરએસએસ નેતૃત્વ વિહિપના વલણને સમર્થન આપે છે કે કેમ તે બંને પર પ્રશ્ન ઉઠાવ્યા છે. ભાગવતની ટિપ્પણીનો જવાબ આપવા માટે પૂછવામાં આવતા, નાયરે કહ્યું કે વિહિપ સંઘ વડાના નિવેદન પર કોઈ ટિપ્પણી કરશે નહીં. તેમણે કહ્યું હતું કે અમે કોઈની વિરુદ્ધ નથી. અમે સામાજિક સૌહાર્દ અને શાંતિમાં પણ માનીએ છીએ.

## હરિયાણાના જીંદમાં ૩૫ વર્ષથી વિખૂટા પડેલા બે ભાઈનું SIRથી પુન:મિલન

**પોલિયોની** સારવારનો ખર્ચનો ભાર પરિવાર પર ન પડે તે માટે ઘર છોડીને જતો રહેલો ભાઇ સ્કુલ લિવિંગ સર્ટી લેવા આવતા પરિવારને મળ્યો



જીંદ (હરિયાણા), તા. ૬ (પીટીઆઈ) હરિયાણાના જીંદ જિલ્લામાં ૩૫ વર્ષ પહેલાં પોતાના પોલિયોની સારવારનો આર્થિક બોજ પરિવાર પર ન નાખવા માગતો હોવાથી ઘર છોડીને ચાલ્યા ગયેલા એક વ્યક્તિનો પંજાબમાં ચાલી રહેલી મતદાર યાદીની ખાસ સઘન સુધારણા (એસઆઈઆર) કામગીરીના કારણે પોતાના ગૃહ જિલ્લામાં પરત ફરતાં તેના ભાઈ સાથે પુન:મિલાપ થયો હતો.

અમૃતસરના નિવાસી 55 વર્ષીય સીતારામ બુધવારે જીંદના મનોહરપુર ગામની સરકારી સિનિયર સેકન્ડરી સ્કૂલના પ્રિન્સિપાલની ઓફિસે પોતાનું સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ લેવા આવ્યા હતા, તેમણે જણાવ્યું હતું કે એસઆઈઆર ચકાસણી માટે સંબંધિત અધિકારીઓને આ સર્ટિફિકેટ સબમિટ કરવું જરૂરી હતું.

# ઈસરોનું ખાનગીકરણ નહીં : કર્મચારીઓના પત્ર પછી એજન્સી દ્વારા સ્પષ્ટતા કરાઇ

**ભારતીય** અવકાશ એજન્સીના મહત્વમાં કોઇ ઘટાડો નહીં થાય, અગત્યના સાધનોનું ઉત્પાદન પોતાના હાથમાં રાખશે

**નવ** કર્મચારી મંડળોએ રોકેટો વગેરેનું ઉત્પાદન ખાનગી ઉદ્યોગોને સોંપી દેવાની હિલચાલ અંગે ચિંતા વ્યક્ત કરી હતી

નવી દિલ્હી, તા. ૬(પીટીઆઇ): ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન(ISRO) ના નવ કર્મચારી મંડળોએ સ્પેસ એજન્સીના અધ્યક્ષ વી. નારાયણનને પત્ર લખીને, એજન્સીના મેન્યુફેક્ચરિંગ અને ઓપરેશનલ કાર્યો ખાનગી સંસ્થાઓને સોંપવાના પ્રસ્તાવ અંગે સત્તાવાર સ્પષ્ટતા માંગી હતી. આના પછી ઈસરોએ રવિવારે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, તેનું ખાનગીકરણ કરવામાં આવશે નહીં અને તેના મહત્વમાં પણ કોઈ ઘટાડો થશે નહીં.

X (અગાઉના ટ્વિટર) પર એક પોસ્ટમાં, સ્પેસ એજન્સીએ જણાવ્યું હતું કે ખાનગી ક્ષેત્રની ભાગીદારી ઈસરોને ભારતના નેક્સ્ટ જનરેશન સ્પેસ પ્રોગ્રામ પર મજબૂત રીતે ધ્યાન કેન્દ્રિત કરવા માટે સક્ષમ બનાવે છે, જ્યારે ઉદ્યોગ પરિપક્વ ટેક્નોલોજી અને ક્ષમતાઓનો વિસ્તાર કરે છે. અંતરિક્ષ એજન્સીએ ઉમેર્યું કે તે સંચાર, નેવિગેશન અને પૃથ્વી નિરીક્ષણ માટેના અદ્યતન પેલોડ્સ, સેન્સર્સ, પ્રપલ્શન સિસ્ટમ્સ અને અન્ય મહત્વપૂર્ણ ટેક્નોલોજી સહિતની અત્યાધુનિક ટેક્નોલોજી વિકસાવવાનું ચાલુ રાખશે. જ્યારે કે મેચ્યોર લોન્ચ વેહીકલ, રૂટિન સેટેલાઈટો વગેરે ખાનગી ઉદ્યોગોને ઉત્પાદન માટે આપવામાં આવી શકે છે.

ઉલ્લેખનીય છે કે ૪ સપ્ટેમ્બરના રોજ લખાયેલા આ પત્રમાં, મંડળોએ એજન્સીની ભવિષ્યની ભૂમિકા, વર્તમાન કર્મચારીઓ પર તેની અસર અને ભવિષ્યની ભરતીના પરિણામો અંગે પણ પ્રશ્નો ઉઠાવ્યા છે.

પત્રમાં જણાવાયું છે કે, “ચોક્કસ વ્યાવસાયિક પ્રવૃત્તિઓમાં ખાનગી ભાગીદારી એ મજબૂત અને જાહેર માલિકીના ઈસરો (ISRO) ની સાથે સાથે અસ્તિત્વમાં રહી શકે છે.

# એક અમેરિકી માનવરહિત જહાજ પર હુમલો કર્યાનો ઈરાનનો દાવો

**હોર્મુઝની** સામુદ્રધૂનિમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહેલ જહાજ પર હુમલો કરાયો, અમેરિકા તરફથી તાત્કાલીક કોઇ સ્પષ્ટતા નહીં

### અમેરિકાએ ઈરાની ટેન્કર પર હુમલાનો વીડિયો જાહેર કર્યો

અમેરિકાએ ઈરાની તેલ ટેન્કર M/T કાયલો પર થયેલા હુમલાનો વીડિયો જાહેર કર્યો છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) દ્વારા જાહેર કરાયેલા આ વીડિયોમાં કાયલો આગમાં લપેટાયેલો દેખાય છે. ટેન્કર એક તરફ ઝૂકી જાય છે અને થોડા સમય પછી ઓમાનના અખાતમાં ડૂબી જાય છે.

કાહિરા, સપ્ટેમ્બર 6 (AP) ઈરાને રવિવારે જણાવ્યું હતું કે તેણે હોર્મુઝની સામુદ્રધુનીમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહેલા અમેરિકાના એક માનવરહિત જહાજ પર હુમલો કર્યો છે, જે બંને દેશો વચ્ચે ફરી શરૂ થયેલી લડાઈ વધુ વકરવાની તાજેતરની નવી ઘટના છે. અમેરિકાએ આ કથિત હુમલાની તાત્કાલિક પુષ્ટિ કરી ન હતી. આ હુમલો અમેરિકી સેના દ્વારા નૌકાદળના યુદ્ધજહાજો પર થયેલા મિસાઈલ હુમલાના જવાબમાં ઈરાનના ત્રણ ઓઈલ ટેન્કરો પર હુમલો કર્યો હોવાનું કહ્યાના એક દિવસ પછી થયો છે. આ યુદ્ધની શરૂઆત 28 ફેબ્રુઆરીએ ઈરાન પર યુએસ અને ઈઝરાયેલના હુમલાઓથી થઈ હતી. પરંતુ જૂનમાં યુદ્ધવિરામ કરારની જાહેરાત કરવામાં આવી હોવા છતાં, વાટાઘાટો નિષ્ફળ જતાં બંને પક્ષો એકબીજાને સૈન્ય અને આર્થિક રીતે નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા હોવાથી અવારનવાર લડાઈ ચાલુ રહી છે.

KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,40,530/-
18 KT 1,14,940/- 14 KT 89,350/-
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી | ભરૂચ | કોસંબા

ભૂલકાં ભવન ટ્રસ્ટ સંચાલિત
શ્રીમતી વી. ડી. દેસાઈ (વાડીવાલા) બાળમંદિર
અડાજણ - હજીરા રોડ, સૂરત - ૩૯૫૦૦૯
૦૨૬૧-૨૭૩૨૭૩૩ / ૨૭૩૪૯૪૧
પ્રવેશ અંગે (૨૦૨૭-૨૮)
નર્સરી (ગ્લોબલ ગુજરાતી માધ્યમ)
OFFLINE
નર્સરીના અરજીપત્રો તારીખ ૧૦/૦૯/૨૦૨૬- ગુરુવાર અને તારીખ :૧૧/૦૯/૨૦૨૬ - શુક્રવારના રોજ સવારે ૦૮-૦૦ થી ૧૧-૦૦ દરમિયાન મળશે
ઉંમર : બાળક, તારીખ : ૦૨/૦૬/૨૦૨૭ ના રોજ ૩ થી ૪ વર્ષનું હોવું જોઈએ. (બાળકની જન્મ તારીખ : ૦૨/૦૬/૨૦૨૩ થી તારીખ : ૦૧/૦૬/૨૦૨૪ વચ્ચે હોવી જોઈએ.
જન્મનો અસલ દાખલો અવશ્ય સાથે લાવવો
એફિડેવિટ કે ઝેરોક્ષ કોપી ચાલશે નહીં.
ONLINE
આ અરજીપત્ર આપ તારીખ : ૧૦/૦૯/૨૦૨૬ - ગુરુવાર તારીખ : ૧૧/૦૯/૨૦૨૬ શુક્રવાર સુધી ઓનલાઈન www.bhulkabhavan.com પર પણ ભરી શકશો.
મીનાક્ષીબેન દેસાઈ - પ્રમુખશ્રી

Managed by Bhulka Bhavan Trust
SHREE MINAKSHIBEN DESAI PRE-PRIMARY SCHOOL
Adajan Hajira road, Surat-395009.
0261-2732733 / 2734941
ADMISSION OPEN - 2027-28
NURSERY (ENGLISH MEDIUM)
OFFLINE
Admission forms for Nursery will be available on 10/09/2026, Thursday and 11/09/2026, Friday from 8.00 a.m. to 11.00 a.m.
Age of Child:- Must be 3 to 4 years old on 02/06/2027. (Child's date of birth should be between 02/06/2023 and 01/06/2024.)
Must bring the original birth certificate.
Attested or photo copy will not be accepted.
ONLINE
You can fill the admission form online visiting www.bhulkabhavan.com from 10/09/2026, Thursday to 11/09/2026, Friday.
Dr. Sonalben Desai - Principal